# ભારતમાં વૈષ્ણવ ધર્મનું વિવિધ ક્ષેત્રે પ્રદાન

પાયલ. બી. જોષી
એમ.એ પી.એચ.ડી.સ્કોલર,
હે.ઉ.ગુ.યુ.પાટણ

ભારતીય સંસ્કૃતિ ધર્મ પ્રધાન સંસ્કૃતિ છે. આથી ભારતીય સંસ્કૃતિના દરેક અભ્યાસીએ ભારતીય ધર્મોનુ જ્ઞાન મેળવવુ આવશ્યક છે એમ હું માનુ છુ. ધર્મ દ્વારા જ માનવી નીતિમય અને સંસ્કારી જીવન જીવી શકે છે. ધર્મ જીવનનો પ્રાણ છે અને સંતો સંસ્કૃતિનું મુલ્યવાન ધન છે.

વૈષ્ણવ સંપ્રદાયના પાયામાં વિષ્ણુ ભગવાનની ભકિત રહેલી છે. વિષ્ણુ પુજાનો ઉલ્લેખ આપણને વેદકાળમાં મળે છે. વિષ્ણુને ઋગ્વેદમાં સુર્યના એક સ્વરૂપ તરીકે પુજવામાં આવે છે. ભારતમાં વિષ્ણુપુજાને સંપ્રદાયનુ સ્વરૂપ પૌરાણીક યુગમાં મળ્યુ હોય તેમ જણાય છે. મહાભારતમાં નારાયણીય પર્વમાં આપણને આ સંપ્રદાયનુ અસલ સ્વરૂપ જોવા મળે છે. આ સંપ્રદાયમાં વાસુદેવ-કૃષ્ણની પુજા થાય છે. ઇ.સ.પુ. બીજા શતકમાં ભારતમાં વાસુદેવ પુજા પ્રચલિત હતી એમ ભારતીય યવન એલચી હિલીયોદોરસના લેખ ઉપરથી જાણવા મળે છે.

મધ્યકાલમાં વૈષ્ણવ સંપ્રદાયના વિકાસમાં આપણને બે પ્રવાહ જોવા મળે છે. (૧) આચાર્યો દ્વારા ચાલેલો પ્રવાહ (૨) સાધુ-સંતો દ્વારા ચાલેલો ભજન, કીર્તન અને ભકિતનો પ્રવાહ . વિદેશી પ્રજાના આક્રમણોને કારણે જયારે પ્રજાનું સામાજિક અને ધાર્મિક જીવન અસ્તવ્યસ્ત થઇ ગયુ હતું ત્યારે તેઓમાં ધર્મનુ ચૈતન્ય ટકાવી રાખવાનુ ઉત્તમ કાર્ય સાધુ-સંતોએ કર્યુ. સમાજમાં અનેક દુષણો ફેલાયેલા હતા ધર્મ-ગુરૂઓ અને બ્રાહ્મણોના ધાર્મિક અત્યાચારો વધી ગયા હતા. મંદિરોમાં દેવદાસી પ્રથાને  લીધે અનેક અનિષ્ટો પ્રવેશી ચુકયા હતા. આવા સમયે કેટલાક સંતોએ ધર્મને જીવંત રાખવવાનુ કાર્ય આરંભ્યુ. સંતોનુ આ કાર્ય ભકિત આંદોલનના નામે પ્રખ્યાત બન્યું. આવા સંતોમાં રામાનંદ, કબીર, તુકારામ, નરસિંહ મેહતા, મીરા વગેરે નોંધપાત્ર છે.

વૈષ્ણ્વ ધર્મે ભારતીય સમાજ અને સાહિત્ય પર વ્યાપક પ્રમાણમાં અસર કરી છે. સમાજમાં ચારે વર્ણો પર વૈષ્ણવ સંપ્રદાયની અસરો વર્તાય છે. ઉત્તર ભારતમાં રામાનંદ, કબીર, નાનક જેવા ધર્મ ગુરૂઓના ઉપદેશની અસર વર્તાતી તો બંગાળમાં મધ્વ અને ચૈતન્યની સમાજ પર પકડ હતી. દક્ષિણ ભારતમાં રામાનુજ સંપ્રદાયની અસર વર્તાતી તો મહારાષ્ટ્માં જ્ઞાનદેવ, નામદેવ જેવા સંતો દ્વારા વિઠોબાની ભકિત  લોકપ્રિય બની હતી. ગુજરાતમાં તથા વ્રજભુમિમાં શ્રી વલ્લભાચાર્ય દ્વારા સ્થાપિત પુષ્ટિ સંપ્રદાયની અસર વ્યાપક પ્રમાણમાં દેખાય છે. સમાજમાં બ્રાહ્મણ, વાણિયા, પાટીદાર વગેરે કોમ ઉપર પુષ્ટિ સંપ્રદાયની

અસર વર્તાય છે. જયારે નીચલા વર્ગો કણબી, લોહાણા, કાઠી, સુથાર, કડીયા,કોળી વગેરે ઉપર સ્વામિનારાયણ, પ્રણામીપંથ, રવિપંથ, ઉદાસીપંથ વગેરેની પકડ જોવામાં આવે છે.

હિંદુ ધર્મ માં ભક્તિ માર્ગ ના મુખ્ય ત્રણ સંપ્રદાયો છે . (૧) શૈવ (૨) વૈષ્ણવ (૩) શાકત. આ ત્રણે સંપ્રદાયો માં પરમાત્મા ને પામવાનું મુખ્ય સાધન ભકિત મનાય છે. આ ત્રણે સંપ્રદાયો ને એક રીતે ભાગવત સંપ્રદાય કહી શકાય. ભાગવત મતમાં 'ભગ' એટલે જ્ઞાન, બલ,ઐશ્વર્ય, વીર્ય,શકિત અને તેજ એમ છ ગુણો છે. અને તેના અનુયાયીઓ – ભગવાનના થઇ રહેલા એટલે ભાગવતો - ભક્તો કહેવાયા. સમય જતાં વૈષ્ણવ સંપ્રદાય વિશેષ અર્થ માં ભાગવત ધર્મ તરીકે ઓળખાવા લાગ્યો. આ વિશેષ અર્થ ના ભાગવત મતમાં પરમાત્મા નાં પાંચ સ્વરૂપ માન્યાં છે. (૧) પર અથવા સૂક્ષ્મ, (૨) વ્યૂહ, (૩) વિભવ, (૪) અંતર્યામી, (૫) અર્ચા. અહીં માનવામાં આવે છે કે, ભગવાનને શરણે જવાથી ભગવાન સંસાર વ્યવહાર સરળતાથી ચલાવી આપે છે ને અંતે ભક્ત મોક્ષ પદ પામે છે. આ ભાગવત સંપ્રદાય માં વાસુદેવ કૃષ્ણ પરમ તત્વ મનાય છે. મહાભારત ના એક પ્રકરણ ગીતામાં ભક્તિ નુ તત્વ ભારોભાર જોવા મળે છે. અહીં જ્ઞાન અને કર્મ કરતાં પણ ભક્તિ વધારે મહાન છે અને તેથી જ તે યોગશાસ્ત્ર છે એમ કહ્યુ છે. ભાગવત ધર્મ નો વિકાસ જે સાત્વત યાદવોએ ઉત્તરમાં કરેલો તે જ સાત્વત યાદવોએ દક્ષિણમાં જઇ ભાગવત ધર્મ ને પાંચરાત્ર સંપ્રદાય તરીકે વિકસાવી ધીરે ધીરે વર્તમાન વૈષ્ણવ સંપ્રદાયનુ સ્વરૂપ તૈયાર કર્યુ. ભાગવત સંપ્રદાયનુ મુળ નામ પાંચરાત્ર સંપ્રદાય હતુ. આજના બધા જ વૈષ્ણવ સંપ્રદાયોના મુળમાં આ ભાગવત-સાત્વત- પાંચરાત્ર સંપ્રદાય રહેલો છે. પાંચરાત્ર સંપ્રદાયમાં નારાયણ ની સાથે ઐકય સાધવાનો મુખ્ય હેતુ રહેલો છે. અને એથી જ અહી ભક્તિ એ ઉપાસનાનું પરમ સાધન મનાયુ છે.

વેદધર્મમાં વિષ્ણુ એ સુર્યના એક સ્વરૂપ તરીકે દેખાય છે અને ભગવદ્ ગીતામાં પણ આ સંપ્રદાયની ઉત્પતિ વિવસ્વાન (સૂર્ય) સાથે સાંકળવામા આવી છે. આથી આ સંપ્રદાય સૂર્યપૂજામાંથી ધીરે ધીરે વિષ્ણુપૂજા અને તે દ્વારા વાસુદેવ કૃષ્ણની પૂજામાં પરિવર્તન પામ્યો હોય તેમ જણાય છે. આ વાસુદેવ સંપ્રદાય અથવા ભાગવતધર્મ સમય જતા વૈષ્ણવધર્મ તરીકે ઓળખાવા લાગ્યો. ભારતમાં આ ધર્મને વિકસાવવામાં બ્રાહ્મણોએ મહત્વનો ભાગ ભજવ્યો હતો.

સામાન્ય રીતે મુખ્ય પુરાણોની સંખ્યા અઢાર ની ગણાય છે. આ અઢારે પુરાણો મુખ્યત્વે બે વિભાગમાં વહેંચાયેલા છે. (૧) શૈવપુરાણો (૨)વૈષ્ણવપુરાણો. શૈવ પુરાણોમા શિવ,સ્કન્દ,લિગં અને માર્કન્ડેય પુરાણ મુખ્ય છે. જ્યારે વૈષ્ણવ પુરાણોમા પદ્મ, બ્રહ્મ, વિષ્ણુ, ભાગવત, ગરૂડ વગેરે પુરાણો નોંધપાત્ર છે.

### ➢ વિષ્ણુપુરાણ

વિષ્ણુપુરાણ એ ભાગવતનું મુળ છે. આ પુરાણનો સમય ઇ.સ. ૬૦૦નો મનાય છે. આ પુરાણના આધારે વૈષ્ણવ ભક્તિમાર્ગ નો ભારતમાં કેવો વિકાસ થયો તે જાણી શકાય છે. વિષ્ણુપુરાણ વિષ્ણુની ભક્તિનો મહિમા ગાવા માટે રચાયુ હોય તેમ સ્પષ્ટ જણાય છે. આ પુરાણ સંપુર્ણ રીતે વૈષ્ણવ સંપ્રદાયને લગતુ છે. તે અદ્વૈતવાદી છે.

### ➢ ભાગવતપુરાણ

ભાગવતપુરાણ એ વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓનો અત્યંત લોકપ્રિય અને પવિત્ર ગ્રંથ મનાય છે. વિવિધ પ્રસંગોએ આ ગ્રંથનુ પારાયણ વૈષ્ણવો કરાવે છે. આ ગ્રંથનો રચનાકાળ ઇ.સ. ની છઠ્ઠી સદીથી અગિયારમી સદી દરમ્યાન થયો હોવાનુ મનાય છે. તેમા પાંચમાથી નવમા સૈકા દરમ્યાન ભારતમાં પ્રચલિત ભક્તિના સ્વરૂપનુ સુંદર ચિત્ર આલેખેલું જોવા મળે છે. આ ગ્રંથમા નારાયણ કે કૃષ્ણના નામે વિષ્ણુનો મહિમા ગાવામા આવ્યો છે. તેમાં વિષ્ણુના અવતારો તથા જુદા જુદા ભક્તોનાં ચરિત્રો આપી ભક્તિનો પ્રચાર કરેલ છે.

### ❖ વિષ્ણુના અવતારો:

વિષ્ણુ જગતનો પાલનકર્તા છે. તેથી તેને અવારનવાર જગતના રક્ષણ અર્થે પૃથ્વી પર અવતાર ધારણ કરી વિવિધ કાર્યો દ્વારા જગતની અધર્મ અને પાપીઓના ત્રાસમાંથી બચાવવાનુ કાર્ય કરવાનું હોય છે. પાંચરાત્ર સંહિતાઓમાં વિષ્ણુના ૨૪ અવતારો વર્ણવી તેમાંના દસ મુખ્ય અવતાર માન્યા છે. વિષ્ણુના ૨૪ અવતારો નીચે પ્રમાણે છે.

(૧) સનકાદિક કુમાર (૨) વરાહ (૩) નારદ (૪) નર-નારાયણ (૫) કપિલ (૬) દત્તાત્રેય (૭) યજ્ઞ (૮) ઋષભદેવ (૯) પૃથુ (૧૦) મત્સ્યા (૧૧) કૂર્મ (૧૨) ધનવંતરી (૧૩) મોહિની (૧૪) નૃસિંહ (૧૫) વામન (૧૬) પરશુરામ (૧૭) વેદ્વ્યાસ (૧૮) રામ (૧૯) કૃષ્ણ (૨૦) બુદ્ધ (૨૧) કલ્કિ (૨૨) બલરામ (૨૩) ધર્મ (૨૪) મનુ

આ સર્વમા નીચેના દસ અવતારો મુખ્ય મનાય છે.

(૧)મત્સ્યા (૨)કૂર્મ (૩)વરાહ (૪)નૃસિંહ (૫)વામન (૬)પરશુરામ (૭)રામ (૮) બલરામ-કૃષ્ણ (૯)બુદ્ધ (૧૦)કલ્કિ

## ❖ ભારતમાં વૈષ્ણવ ધર્મનો પ્રસાર

વૈષ્ણવ સંપ્રદાયમાં એક જ ઇશ્વરની કલ્પના કરેલી હોઇ જુદા- જુદા દેવોની ઉપાસના કરવા કરતાં એક જ દેવનું શરણ લેવુ જનતાને વધારે અનુકુળ લાગ્યુ. આ દેવ પોતાના કુટુંબીજન જેવા હોવાથી તેના તરફ લોકો વધારે આદરભાવ થી જોવા લાગ્યા. આ દેવ ભગવાનને નામે ઓળખાવવા લાગ્યા. આ સંપ્રદાયમાં શક્તિ પ્રમાણે ભગવાનની ભક્તિ થઇ શકે છે.

મૌર્યકાલ એ ભારતના પ્રાચીન ઇતિહાસનો એક ઉજ્જવલ કાલ છે. ભારતનો આધારભુત અને લેખિત ઇતિહાસ મૌર્યકાલથી શરૂ થાય છે. આ સમયે વૈષ્ણવ, શૈવ, બૌધ્ધ, જૈન, વગેરે ધર્મ સંપ્રદાયો સ્પષ્ટ રીતે વિકાસ પામતા દેખાય છે . વાસુદેવની આરધનાનો ઉલ્લેખ પાણિનિની નોધમાં આવે છે. અનુમૌર્ય કાલમાં ભગવાન વાસુદેવની ઉપાસનાનો મહિમા વધતાં સમાજમાં તેમના દૈવી સ્વરૂપનું મહત્વ વધવા લાગ્યું. વૈષ્ણવ સંપ્રદાયમાં વાસુદેવ –કૃષ્ણની પુજા કેન્દ્રમાં હોવાથી કૃષ્ણનું ચરિત્ર આલેખતો ગ્રંથ હરિવંશ રચાયું. જે મહાભારતના પરિશિષ્ટ તરીકે પ્રખ્યાત છે. ભારતમાં આવેલા ગ્રીક પ્રજાને પણ ભાગવત ધર્મ તરફ આકર્ષણ થયું. ભારતમાં આવેલ યવન એલચી હિલીયોદોરસે આ સંપ્રદાય અપનાવ્યો. તે પોતાને ‘પરમ ભાગવત’ તરીકે ઓળખાવવા લાગ્યો. ધીરે – ધીરે આ સંપ્રદાય મથુરા અને તેની આસપાસના પ્રદેશોમાંથી આગળ વધી પશ્ચિમ ભારત અને ઉત્તર તથા દક્ષિણ ભારત માં ફેલાયો મથુરાના કુષાણ વંશના કેટલાક રાજવી વાસુદેવના પરમ ભક્ત હોવાનુ મનાય છે. કુષાણ રાજવી હુવિષ્કના કેટલાક સિક્કાઓ ઉપર ચતુર્ભુજ વિષ્ણુની પ્રતિમા કંડારેલ જોવા મળે છે.

ગુપ્તકાલ એ ભારતના ઇતિહાસનો સુવર્ણકાલ મનાય છે . ગુપ્તકાલમાં વૈષ્ણવ ધર્મ ને રાજ્યાશ્રય મળતાં તેનો ઝડપથી વિકાસ થવા લાગ્યો. સમુદ્રગુપ્તના સિક્કાઓ ઉપર દેખાતો ગરુડધ્વજ ભાગવત ધર્મનો સુચક છે. ગુપ્ત રાજવીઓ ચંદ્રગુપ્ત બીજો , કુમારગુપ્ત, સ્કંદગુપ્ત વગેરે પણ પોતાના અભિલેખો અને સિક્કાઓમાં પોતાને ‘પરમ ભગવત ‘ તરીકે ઓળખવે છે . ભારતમાં મુસ્લિમ સત્તા સ્થપાતા અન્ય સંપ્રદાયોની માફક વૈષ્ણવ સંપ્રદાયને પણ ઘણું સહન કરવુ પડ્યું. મુસ્લિમો મુર્તિપુજાના વિરોધી હોઇ અનેક મંદિરોનો નાશ કર્યો . અનેક પ્રતિમાઓ ખંડીત કરવામાં આવી. જાહેર મંદિરોની અવદશા જોઇ વૈષ્ણવોએ હવેલી મંદિરોની રચના કરવા માંડી. આ સમયે ઇસ્લામના વધતા જતા પ્રચાર સામે હિન્દુઓને પોતાના ધર્મનુ રક્ષણ કરવાની ફરજ પડી. અનેક સંતોએ એકેશ્વરવાદનો પ્રચાર શરૂ કર્યો. વૈષ્ણવ સંપ્રદાયમાં રામાનુજ,નિમ્બાર્ક,મધ્ય,પુષ્ટીસંપ્રદાય,સ્વામિનારયણ સંપ્રદાય વગેરે અનેક સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા આમ, મધ્યકાળમાં મુસ્લિમ આક્રમણોને લીધે વૈષ્ણવ મંદીરોનુ

સર્જન અલ્પ પ્રમાણમાં થયું. પણ હવેલી મંદિરોને લીધે સાહિત્ય, સંગીત અને શિલ્પ કલા ઉપર વૈષ્ણવ સંપ્રદાયે પ્રભુત્વ જમાવ્યુ. લોકો ઘેર ઘેર વૈષ્ણવ કવિઓના ભજનો ગાતા થયા. વૈષ્ણવ સંપ્રદાયની એક શાખા સ્વામીનારાયંણ સંપ્રદાયે ગુજરાતમાં તેમજ ભારત બહાર આફ્રિકા,લડંન,અમેરિકા વગેરે સ્થળોએ પોતાનું કાર્યક્ષેત્ર વિકસાવ્યુ છે. ગુજરાતમાં વૈષ્ણવ ધર્મના પ્રસારનો ચોક્કસ પુરાવો સ્કંદગુપ્તના ગુ .સ. ૧૩૮ (ઇ.સ ૪૫૬ થી ૪૫૭ ) ગિરનારના લેખોમાંથી મળે છે. સૌરાષ્ટ્રનાં પ્રાચીન મંદીરોના અવશેષોમાં સોમનાથ પાટણની પાસે આવેલા કદવાર ગામનું પ્રાચીન મંદીર સ્પષ્ટત: ભાગવત સંપ્રદાયનું મૈત્રકાલીન મંદિર હોવાનું જણાય છે.

ભારતના અન્ય ધર્મોની માફક વૈષ્ણવ ધર્મમાં પણ અનેક સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા. મધ્યયુગમાં અસ્તિત્વમાં આવેલા પ્રત્યેક સંપ્રદાયે ભક્તિને કેન્દ્રમાં રાખી આત્મા અને પરમાત્મા વિશેનું તત્વજ્ઞાન તથા વાસુદેવ કૃષ્ણના કોઇપણ પ્રતિકને પસંદ કરી પોતાનો સંપ્રદાય વિકસાવવાનો પ્રયત્ન કરેલ છે .આવા સંપ્રદાયોમાં રામાનુજ,નિમ્બાર્ક,મધ્ય,પુષ્ટી સંપ્રદાય,સ્વામિનારયણ સંપ્રદાય,રાધાસ્વામી સંપ્રદાય,પ્રણામી સંપ્રદાય વગેરે સંપ્રદાયો નોધપાત્ર છે.

## ❖ સમાજ, સાહિત્ય, અને કલાના ક્ષેત્રે વૈષ્ણવ સંપ્રદાયની અસર

### ➢ સમાજજીવન પર અસર:-

ગુજરાત,માળવા,અને રાજસ્થાનના ઉદુમ્બર જ્ઞાતિના બ્રાહ્મણો શૈવમાર્ગી તેમજ વૈષ્ણવમાર્ગી એમ બન્ને સંપ્રદાયના અનુયાયી છે. ભારતના અબોટી,ગુંગળી અને ગિરનારા બ્રાહ્મણો વૈષ્ણવપંથી છે. કેટલાક વણિક જ્ઞાંતિઓ વૈષ્ણવ અને જૈન બન્ને ધર્મને અનુસરે છે.

વૈષ્ણવ સમાજમાં પાણી અંગેના પ્રતિબંધો વધારે કડક હોય છે. ખોરાક કોણ રાંધે છે તેને વધુ મહત્વ આપવામાં આવે છે. બ્રાહ્મણના હાથનું રાંધેલુ સામાન્ય કક્ષાના વૈષ્ણવો લઇ શકે છે. કેટલાક વૈષ્ણવો રાંધવાનાં વાસણ શાંના બનેલા છે તેને મહત્વ આપે છે. માટીના વાસણમાં રાંધેલુ ખાવાનો ઉચ્ચ જ્ઞાતિઓમાં નિષેધ છે. આથી કરીને વૈષ્ણવ સમાજમાં ધાતુનાં વાસણોમાં રાંધવાની અને પતરાળામાં પીરસવાની પ્રથા ખુબ પ્રચલિત છે. આથી જ અહીં ભોજનની થાળીને એટલે કે પીરસેલા ભાણાને 'પાતળ' કહેવામાં છે. ચુસ્ત વૈષ્ણવો પાણીની બાબતમાં પણ ઘણા રૂઢીચુસ્ત દેખાય છે. ઘણા પોતાના લોટાનુ જ પાણી પોતાના હાથે પીવે છે. વૈષ્ણવ સંપ્રદાયમાં અને ખાસ કરીને પુષ્ટિ સંપ્રદાયમાં 'મરજાદ' લેવાની ભાવના વ્યાપક

પ્રમાણમાં જોવા મળે છે. ચુસ્ત મરજાદી લોકો જમતી વખતે ગોમુત્ર,છાણ વગેરેથી જમીનને શુધ્ધ કરી તેના ઉપર ભોજનની થાળી મુકી જમે છે. કંઠમા તુલસીની માળા ધારણ કરે છે. અને મંદિરના કાર્યમાં સતત રોકાયેલા રહે છે દરેક વૈષ્ણવ સંપ્રદાયના પ્રતીક તરીકે તીલક કરતા હોય છે. તથા બાળકોને બ્રહ્મ સંબધ લેવડાવવાનો આગ્રહ રાખતા હોય છે. કેટલાક વૈષ્ણવો પોતાના અને અન્ય કુટુંબીજનોના નામ કૃષ્ણ ઉપરથી રાખવાનો આગ્રહ રાખતા હોય છે.

વૈષ્ણવ સમાજમાં મહાઉત્સવ,ફાગ,જનમાષ્ટમી,રામનવમી વગેરે ઉત્સવો લોકો વિવિધ રીતે પ્રેમથી ઉજવે છે . કૃષ્ણજન્મનો અને રામજન્મનો ઉત્સવ સર્વત્ર આનંદથી ઉજવાય છે. વૈષ્ણવ મંદિરોમાં હિંડોળા અને પારણાંના તહેવારોનું મહત્વ સવિશેષ છે. વૈષ્ણવસમાજમાં રથયાત્રાના ઉત્સવનું ખુબ મહત્વ છે. આ ઉત્સવ કૃષ્ણ,બલરામ અને સુભદ્રાને કેન્દ્રમાં રાખી ઊજવાય છે. સામાન્ય રીતે આ ઉત્સવ ભારતમાં દરેક નાનાં મોટાં મંદિરોમાં અષાઢ સુદ ૨ ને દિવસે ખુબ ધામધુમથી ઉજવામાં છે. આ ઉત્સવ ખાસ કરીને વૈષ્ણવ સંપ્રદાયનો હોવા છતાં આજે તો ઘણા નગરોમાં આ ઉત્સવ બીનસાંપ્રદાયિક અને સાર્વજનિક બની ગયો છે.

ભારતીય વૈષ્ણવ સમાજમાં વૃક્ષપૂજાનું મહત્વ વિશેષ જણાય છે. અહી તુલસી વિષ્ણુની કૃપાપાત્ર મનાતી હોવાથી દરેક વૈષ્ણવો પોતાના ઘર આગળ તુલસીનો છોડ વાવે છે. સવારમાં કંકુ ચોખા,દીપ વગેરે દ્વારા તેની પુજા કરે છે. ઘણા તુલસીપત્ર લીધા બાદ ભોજન લેતા હોય છે. ભારતીય હિંદુ સમાજમાં અગિયારસ, એકાદશીનું મહત્વ વિશેષ છે. ઘણીવાર બે એકાદશીઓ આવતાં એક શૈવમાર્ગી તો બીજી વૈષ્ણવમાર્ગી એકાદશી તરીકે ઓળખાય છે. ઘણા વૈષ્ણવો આ દિવસે ઉપવાસ કરે છે. વૃંદાવનમાં કૃષ્ણની બાળ ક્રીડાના પ્રસંગમાં કૃષ્ણ કદંબના ઝાડ ઉપર બેઠેલા હોય છે. આથી કદંબના વૃક્ષને વૈષ્ણવો પવિત્ર માને છે. તેની પૂજા કરે છે. નાના નાના ગામડાઓનાં વૈષ્ણવ મંદિરોમાં અમુક દિવસોએ ઠાકોરજીને કદંબના વૃક્ષ નીચે પધરાવવાનો મહિમા છે. ભારતીય સમાજમાં પ્રાચીન કાલથી વૃક્ષ પૂજાની સાથે નદીની પૂજાનો મહિમા ચાલ્યો આવે છે. ભારતમાં ગંગા,યમુના,સરયૂ,સરસ્વતી,ગોદાવરી વગેરે પવિત્ર નદીઓ મનાય છે. ભારતીય હિંદુ સમાજમાં આ નદીઓમાં સ્નાન કરવાનો મહિમા વિશેષ છે. ભાઇ-બીજને દિવસે વૈષ્ણવ સમાજમાં યમુના સ્નાનનું વિશેષ મહત્વ મનાતુ હોઇ અનેક વૈષ્ણવો ભાઇબીજને દિવસે મથુરાની યાત્રાએ જાય છે, યમુના સ્નાન કરે છે. અને ત્યાંથી યમુનાજળ સાથે લાવી પોતાના ઘરની દેવ પૂજામાં મૂકે છે.

વૈષ્ણવ સમાજમાં બાળકૃષ્ણની લીલાનું ઘણું મહત્વ હોઇ ગોકુલ,મથુરા,વૃદાવનની આસપાસના વ્રજભુમીના કેટલાક લોકો નાની મોટી મંડળીઓ જમાવી નાનાં – નાનાં ગામડાના મંદિરોમાં જઇ રાસલીલાના જુદા જુદા પ્રસંગો ભજવી સામાન્ય જનતાનું મનોરંજન કરતા હોય

છે. સમાજમાં ભાગવત પારાયણનો મહિમા વિશેષ છે. ભાવિક ભક્તો ભાદરવા માસમાં સપ્તાહ બેસાડે છે. આ વખતે અનેક ભાવિક વૈષ્ણવો કૃષ્ણના જીવન પ્રસંગોનું પ્રેમથી શ્રવણ કરે છે. ઘણી જ્ઞાતિઓમાં માનવીના મૃત્યુના ત્રીજે દિવસે ગરુડ પુરાણ બેસાડે છે. ગરુડ પુરાણ એ વિષ્ણુને લગતું પુરાણ છે. આમ માનવીના મૃત્યુ પછીના તેર દિવસની અંદર વિષ્ણુના મહિમાનું વૃત્તાંત સાંભળવા પાછળ મરનાર વ્યક્તિનો વિષ્ણુલોકમાં વાસ થાય તેવી સર્વની અંતિમ ઇચ્છા રહેલી હોય છે. ગીતા મંદિરો દ્વારા વૈષ્ણવ સંપ્રદાયને લગતી વિવિધ પ્રવૃતિઓ જેવી કે, પુસ્તક પ્રકાશન,દવાખાનાં,સદાવ્રતો,સત્સંગ મંડળો,પ્રવચનો વગેરે ચાલતી હોય છે.

➢ **સાહિત્ય પર અસર :**

પ્રાચીનકાલમાં રચાયેલા ઘણા ગ્રંથોમાં વિષ્ણુભક્ત અને કૃષ્ણભક્તિનો મહિમા ગાયેલો જોવા મળે છે. વૈષ્ણવ સંપ્રદાયને લગતા ગ્રંથોમાં મહાભારત, હરિવંશ,ભાગવતગીતા,રામાયણ,વિષ્ણુપુરાણ,ગીતગોવિંદ,સુરદાસના પદો, કબીરનાં પદો વગેરે ગ્રંથો મહત્વનું સ્થાન ધરાવે છે.

❖ **કલાના ક્ષેત્રે વૈષ્ણવ સંપ્રદાયની અસર :**

➢ મંદિરો

ભારતમાં વૈષ્ણવ ધર્મનાં અનેક તીર્થ સ્થાનો જુદા-જુદા સ્થળે આવેલાં છે. દક્ષિણ ભારત કરતાં ઉત્તર ભારતમાં વૈષ્ણવ ધર્મનો વ્યાપક પ્રમાણમાં પ્રસાર થયો હોવાથી દક્ષિણ ભારતની સરખામણીએ ઉત્તર ભારતમાં વૈષ્ણવ તીર્થસ્થાનો અને મંદિરોની સંખ્યા સવિશેષ જોવા મળે છે. આ સર્વેમાં મથુરા, ગોકુલ, વૃંદાવન, બદ્રીનાથ, ચંપારણ્ય, જગન્નાથપુરી, તિરુપતિ, બાલાજી, પંઢરપુર, ડાકોર, દ્વારકા, શામળાજી વગેરે સ્થળો ઘણાં લોકપ્રિય છે.

➢ સંગીત :

ભારતમાં ઘણાં પ્રાચીન કાલથી દેવમંદિરોમાં સંગીતનું પ્રભુત્વ ટકી રહ્યુ હતું. ભારતમાં મુસ્લિમોની સત્તા સ્થપાતાં અનેક દેવમંદિરો નાશ પામ્યાં. નવાં વિશાળ મંદિરો બાંધવાની પ્રથા ધીરે ધીરે અસ્ત થવા લાગી. આના પરિણામે વૈષ્ણવ સંપ્રદાયનાં હવેલી મંદિરો અસ્તિત્વમાં આવ્યાં હવેલી મંદિરોની સાથે સાથે વૈષ્ણવ મંદિરોમાં હવેલી સંગીત નામે ઓળખાતા સંગીતનો ઉદ્દભવ થયો. હવેલી મંદિરોમાં સંગીતાચાર્યોનો એક વર્ગ વધ્યો. વૈષ્ણવ મંદિરોમાં ભગવાન શ્રીકૃષ્ણની પ્રતિમા સમક્ષ સવાર બપોરે અને સાંજના જુદા જુદા રાગોમાં સુરદાસ તથા અન્ય ભક્તોનાં પદો ધમાર,ધ્રુપદ વગેરે સાજ સંગીત સાથે ગવાતાં. આ સંગીત હવેલી સંગીત તરીકે ઓળખાવા લાગ્યું.

## સંદર્ભ સુચી

(૧) શાસ્ત્રી, દુર્ગાશંકર. કે - 'વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ' મુંબઇ, ૧૯૩૯

(૨) આચાર્ય, નવીનચંદ્ર. આ – 'ગુજરાતના ધર્મ સંપ્રદાય' અમદાવાદ, ૧૯૮૩

(૩) આચાર્ય, આનંદ શંકર ધ્રુવ - 'હીંદુ વેદ ધર્મ' વદોદરા, ૧૯૬૦

(4) bhandarkar, R.G – 'vaishnavism,shaivism and other minor religious system' poona, 1938

(5) rao.t.a.gopinath – history of srivaishnavas, madras, 1923